# સાઠોત્તરી નવલકથામાં મહિલાઓનું પ્રદાન

પ્રો. સોની આરતી એસ.
ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, મણિનગર , અમદાવાદ

પૂર્વે એવું મનાતું કે સર્જન માત્ર પુરૂષો જ કરી શકે પરંતુ સર્જનમાં નારીની વ્યથા વેદના જોતા એવું લાગ્યું કે પુરૂષો જે વાત કરે છે તે માત્ર કલ્પના દ્વારા કરે છે. જયારે સ્ત્રીઓ તે વેદના કે વ્યથામાંથી પસાર થઇ હોય છે. આથી સ્ત્રીઓના ભાવ અને પુરૂષોના ભાવમાં અંતર હોય છે. નારીની વેદનાને અસરકારક રીતે નારી જ રજૂ કરી શકે છે. 'સ્ત્રીઓની વ્યથા સ્ત્રીઓ જ જાણે' એવા નાદ સાથે નારીઓના લેખન દ્વારા સાહિત્ય રચાવા લાગ્યું. જેના ફળ સ્વરૂપે ૧૯૬૦ પછીનું નારીનું લેખન અલગ ઓળખ ઊભી કરી શકયું છે. ગુજરાતી સાહિત્યમાં કુન્દનિકા કાપડિયા, બિન્દુ ભટ્ટ, ઇલા આરબ મહેતા, સરોજ પાઠક, હિમાંશી શૈલત, હીરાબેન પાઠક, પ્રીતિ સેન ગુપ્તા જેવી લેખિકાઓ કંઇક નવા જુસ્સા સાથે પ્રવેશે છે અને નારીઓની વ્યથાને નિરૂપે છે.

ધીરુબહેન પટેલ આ બધી જ લેખિકાઓમાં કંઇક વિશેષ છાપ ઉપસાવે છે. તેમણે નવલકથા, લઘુનવલ, નાટક, એકાંકી, અનુવાદ, ભવાઇ, તેમજ બાળસાહિત્યના ગ્રંથો એમ સાહિત્યનાં દરેક સ્વરૂપમાં કલમ ચલાવીને ગુજરાતી સાહિત્યને રળિયાત કર્યુ છે. તેમની 'વડવાનલ', 'શિમળાના ફૂલ' જેવી નવલકથાઓમાં નારી ચેતનાની વાત રજૂ કરી છે.પરંતુ અહીં નારીચેતના નહિ પણ નારીલેખનની વાતના સંદર્ભે 'વાંસનો અંકુર' લઘુનવલની વાત નિરૂપી છે.

લઘુનવલનો સાહિત્યપ્રકાર પણ વાંસના અંકુર જેવો જ તાજો હતો ત્યારે ૧૯૬૭માં 'વાંસનો અંકુર' લઘુનવલ મળે છે. એક યુવકના પરાવલંબન માંથી સ્વાવલંબનમાં પ્રવેશવાની આ સંક્રાન્તકથા આજે પણ એટલી જ હૃદય સ્પર્શી બની રહે છે. ધીરુબહેન પટેલે આં લઘુનવલ દ્વારા આજથી ૪૮ વર્ષ પહેલા આપણા જીવનમાં એવી કેટલીક વ્યકિતઓનો પ્રવેશ કરાવ્યો હતો. જે આજે આટલા વર્ષે પણ આત્મીય બની રહે છે.

'બાપદિકરો સામસામે બેઠા હતા ને વર્ષની એ ત્રીજી મુલાકાત હતી'. કામકાજ વગરની વાતો કરી રહેલા મોતીલાલ અને કેશવનાં સંવાદથી લઘુનવલ આરંભાય છે. કેશવ તેના નાના રમણીકલાલને ત્યાં બાળપણથી મોટો થયો હતો. એના દાદાની સ્થિરતા, સમયપાલનતા અને એકધારી શાસનપણાથી પર તે કંઇક નવું કરવાની ઇચ્છા ધરાવતો હતો. દાદાને ત્યાં જે એશોઆરામ હતાં તે તેને બંધનરૂપ લાગતા હતા. બીજીબાજુ પિતાના ઘરની સાવ સીધી સાદી જીંદગીથી તે પરિચિત હતો. તેના પિતાને દવાખાનામાં એડમીટ કર્યા હોય છે ત્યારે પરિસ્થિતિ બદલાય છે. તે તેના દાદાનું ઘર છોડીને આસામ નોકરી કરવા જવાનો હોય છે ત્યારે તેના પિતાને આખરી વાર મળવા જાય છે અને પિતા મોતીલાલ ગર્વ કરે છે કે 'આખરે છોકરો કોનો? એની ઉમરે હું પણ આમ જ ઘરમાંથી નાસી છૂટયો હતો.! ના સંવાદ સાથે લઘુનવલ પુરી થાય છે. સાવ સામાન્ય એવો વિષય એની એજ રેઢી જીંદગીમાંથી મુકત થઇ કંઇક નવું કરવાની તાલાવેલી નિરૂપતી આ લઘુનવલ વિષયવસ્તુની બાબતમાં અત્યંત ચુસ્ત છે.

પ્રસ્તુત નવલકથામાં કેશવ, રમણીકલાલ, મોતીલાલ જેવા મુખ્યપાત્રો છે તો વીમળામાસી, કમળામાસી, અનસૂયા, વાસંતી, હરીપ્રસાદ, સુવર્ણા, સુશીલા જેવા ગૌણપાત્રો રજૂ થયા છે. રમણીકલાલએ સ્થિર પાત્રરૂપે રજુ થયું છે. કારણ કે ઘણી બધી પરિસ્થિતિ બદલાવા છતાં તેમનાંમાં મૂળભૂત રીતે કશો જ ફેર પડતો નથી. રમણીકલાલ સરમુખત્યાર મિજાજના, અભિમાની, જકકી અને શાસક સ્વભાવનાં છે. મોતીલાલનાં સામાજિક આંતર અનુભૂતિઓ સળંગ, એકવાકયતાનાં ઢાંચામાં રજૂ કરીને વત્સલ પિતાનું ભાવાવશ ચરિત્ર આલેખ્યું છે. કેશવ દરરોજની એક જ રીતની ચાલતી જીંદગીથી કંઇક નવું જ કરવા મથ્યાં કરતો, સંઘર્ષ કરતો દર્શાવ્યો છે. મુખ્યપાત્રને ઉપકારક એવા ગૌણપાત્રો પણ આ નવલમાં તેઓનું આગવું સ્થાન જમાવે છે. ધીરુબહેનની સરળ દેખાતી આ પાત્રસૃષ્ટિ ખરેખર તો મનોવિજ્ઞાનની પૂરક સામગ્રી બની શકે તેટલી સક્ષમ છે.

ધીરુબહેનના ગદ્યની ભાષા સરળ છે એ ભાષા સ્વાભાવિક અને સચોટતાથી સંયોજાય છે. આથી એમની લઘુનવલનો સમાજ અને પાત્રો જીવંત રીતે ઊપસી આવે છે.સમાજના તેમજ વિવિધ પ્રકૃતિના પાત્રોની સ્વભાવરેખા એમાંથી સ્ફુટ થાય છે. 'વાંસનો અંકુર' માં મનોવાસ્તવની સઘન લાઘવયુકત અભિવ્યકિત અને ચૈતસિક આબોહવાની જમાવટ માટે ધીરુબહેને સૂચક કલ્પનો – પ્રતિકો યોજયાં છે તે જોઇએ –

'દાદાના અસીમ એકધારા ઉપકારોની હિમવર્ષા હવે તેનાથી ઝીલાતી નથી

એની યાદ સુધ્ધાં મન પર એક ભારે ગૂંચળા જેવી થઈને પડી છે. (પૃષ્ઠ – ૩)

કથામાં સાપનું કલ્પન રમણીકલાલની સ્વભાવગત ડંખવૃતિની વિઘાતક ભયાવહતાને વ્યંજીત કરે છે અને સંદર્ભભેદે કેશવના વ્યકિતત્વની અસલી ખુમારી પણ સૂચવે છે. ધીરુબહેને ભાષાને વિકસાવવામાં અલંકારોનો પણ વિશેષ રીતે પ્રયોગ કર્યો છે.

'કાળી ઈમ્પાલા પાંખોવાળા અજગરની જેમ ઊડતી જતી હતી.'

– ઊપમા (પૃષ્ઠ – ૫૦)

'કેશવની આંખ સામે જાણે અંધકારનો પર્વત ઊભો થઈ ગયો.'

– ઉત્પ્રેક્ષા (પૃષ્ઠ – ૫૨)

ધીરુબહેનનો શબ્દવૈભવ અનોખો છે. અલંકાર, કહેવતો અને રૂઢિપ્રયોગોનો પણ કલાત્મક વિનિયોગ કર્યો છે. જેમકે આંખમાં ઝળઝળીયા આવવા , દેહ ઢીલો પડી જવો, આંખ મીંચી દેવી, ગમ ખાઈ જવું. આ ઉપરાંત ઈમ્પાલા, એસ્ટેટડયૂટી, નોનસેન્સ, વિઝીટ, રિસીવર, હાર્ટએટેક, મોડેલ, મિલ જેવા અંગ્રેજી શબ્દોનો પ્રયોગ પણ કર્યો છે. તેની સાથે જ ટાહ્વલા, ગુટખો પરઠવા, ચામજૂ, કમક, આડફેટો, તિલસ્માતી જેવા અપરિચિત શબ્દો પણ મૂકયાં છે જેના અર્થ માટે શબ્દકોશનો ઉપયોગ કરવો પડે. ધીરુબહેનની ભાષા કે ગદ્યશૈલી જેટલી સ્વભાવિક છે તેટલાં જ સચોટ અને અસરકારક તેમનાં વર્ણનો છે. આફ્રિકાનાં નિબિડ અરણ્યનું વર્ણન જોઈએ –

"ઘનઘોર અંધકારનું સામ્રાજય છે અને આ હાથી પાછો એ અંધકારનો સ્વામી છે. રાજધિરાજ છતાં એને ચાંદની જેવા ચમકતા બે દંતશૂળ છે. સફેદ; રૂ ના પોલ જેવા, ચમકતા રેશમ જેવા, પર્વતની ટોચ પરના બરફ જેવા હંસોની જોડ જેવા.. એને વળી બે બાજુ ચાંદીનાં મોઢીયાં જડયાં છે. અહીં આ ભીત પર ટીંગાવા માટે, અહીં શોભવા માટે." (પૃષ્ઠ – ૫૨).

કેશવ એપોલો બંદરની પાળી પાસે ઊભો હોય છે ત્યારનું વર્ણન જોઈએ –

'સંધ્યાના મ્લાન રંગોનું દારિદ્ર, હીરા જડેલા કાળા ગાલીચા પાછળ સંતાઈ ગયું હતું. માણસનો સ્પર્શ પામી બેચેન થઈ ગયેલો કાળો સમુદ્ર નિરાશાપૂર્વક થોડું થોડું હાલ્યા કરતો હતો. ' (પૃષ્ઠ – ૯૪).

લેખિકાનું ગદ્ય શુષ્ક આંતરચેતના પ્રવાહને ઝીલી શકતું નથી પણ જયાં કયાંક વિચાર તૂટતાં જણાય છે ત્યાં એ એની સમીપ પહોંચતુ જણાય છે. ધીરુબહેન પટેલનું ભાષાપ્રભુત્વ તેમનાં ગદ્યમાં જણાઈ આવે છે. તેમનાં વર્ણનોમાં સૂક્ષ્મ સંવેદનશીલતા અને સુંદર ભાવાભિવ્યકિતના દર્શન થાય છે. વાતાવરણ અને પાત્રોનાં વ્યકિતત્વને ઉપસાવવાનું બળ તેમની શૈલીમાં જણાય છે.

સાતમાં દાયકામાં પ્રગટ થયેલી ધીરુબહેન પટેલની 'વાંસનો અંકુર' એક મનોવૈજ્ઞાનિક લઘુનવલ તરીકેની છાપ ઊપસાવે છે. અહીં કેશવ અને એના નાના રમણીકલાલ સાથેના સંઘર્ષની કથા છે. સંઘર્ષ શા માટેનો? તો કે રમણીકલાલની છાયામાંથી દૂર ખસવા માટેનો ને પોતાની જાતને પામવા માટેનો. આ ઉપરાંત માણસ પાસે જે છે એનું મહત્વ નથી અને જે નથી એનું મહત્વ છે. માણસ પોતાની છાપ પોતાના સંતાનો ઉપર થોપવા માંગે છે. આ ત્રણેક મનોવૈજ્ઞાનિક બાબતો પણ છે.

'વાંસનો અંકુર' શીર્ષક પણ ખૂબ માર્મિક છે. જયાં સુધી અંકુર ફૂટયો નથી ત્યાં સુધી તો વાંધો નથી પણ કંઈક નવું કરવાના અંકુર જમીનમાં ફૂટે છે ત્યારે તે ધરતીને વીંધીને આભ સુધી પહોંચવા મથે છે. સામાન્ય અંકુર જેવો આ અંકુર નથી આ અંકુર વાંસનો અંકુર છે તે અવાજ દ્વારા ફૂટે છે ને તીવ્ર ધારદાર હોય છે.

આ લઘુનવલ કથનકેન્દ્રનાં સંદર્ભમાં ત્રીજો પુરૂષ એકવચનનાં કથનકેન્દ્રથી લખાયેલી કૃતિ છે. જયારે ચરિત્રના બાહ્ય અંશોનો નિર્દેશ કરવો હોય ત્યારે લેખિકા સર્વજ્ઞ પદ્ધતિએ કરવાને બદલે ઘણીવાર ચરિત્ર અન્યને જોતું હોય અને પ્રતિભાવ વ્યકત કરતું હોય એ રીતે એનો બર્હિગત ચિતાર આપે છે. જેમકે મોતીલાલની ખૂંધ વળી ગઈ છે, એના કોટને થીગડા છે. આ બધુ કેશવ જોતો હોય છે અને તેની નોંધ લેતો હોય એ રીતે ઉલ્લેખ કર્યો છે એટલે રૂઢવર્ણન રીતિ કરતાં એમાં વેધક લાઘવ આવે છે. ચરિત્રના મનઃ સંચલનો એમના ઉદ્ગારોનું ઊંડાણ સારી રીતે રજૂ થયા છે.

'વાંસનો અંકુર'માં સામાજીક સંદર્ભ અને તેની પરિસ્થિતિજન્ય સમસ્યાઓના અનુષંગે કેશવના ચરિત્રનું આંતરજીવન રહે છે. કુટુંબજીવનમાં વડીલના આપખુદ મનોવલણ તથા વર્તનની સામે પોતાની આંતરિક ચેતના અને વ્યકિતમતાને ટકાવી રાખવા મથામણ કર્યા કરતા વિકાસોન્મુખ તરૂણની આત્મસ્થાપનાની સમસ્યાને લઈને બે પેઢી વચ્ચેનો સંઘર્ષ આલેખિત થયો છે. નવલકથાની કેન્દ્રવર્તી પરિસ્થિતિ કેશવ રમણીકલાલની સંઘર્ષજન્ય પરિસ્થિતિને વિશેષ રૂપ આપી લાઘવથી જીવનમર્મને વ્યંજીત કરી આપી છે.

પ્રસ્તુત લઘુનવલ 'વાંસનો અંકુર' માં પરાવલંબીમાંથી સ્વાવલંબી બનતા યુવાનની કથા, તેના એક એકથી ચઢિયાતા સજીવપાત્રો, મનોવૈજ્ઞાનિક અભિગમ, અનાયાસ વહેતી લાઘવલીલા અને ગૂઢ સંકેતો, ગદ્ય સંકેતો, ગદ્યની સ્વાભાવિકતા, ભાષાનો શબ્દવૈભવ અને વર્ણનોની સૂક્ષ્મ સંવેદનશીલતા આપણા માનસપટ પર એક નવા સૂર્યોદય જેવું અજવાળું પાથરે છે. 'વાંસનો અંકુર'ની અનેક આવૃત્તિઓ ગુજરાતી વાચકોની ગુણગ્રાહી અભિરૂચિ બતાવે છે. ધીરુબહેન વિશે દીપક દોશી નોંધે છે કે –

'ધીરુબહેનનું સાહીત્ય માત્ર પ્રતોથી મૂલવાય એવું નથી. આપણા દેશની અને વિદેશની પણ અનેક ભાષાઓમાં એમની કૃતિઓ અજવાળું પાથરી શકે તેમ છે.' – (પુસ્તકમાંથી)

આમ 'વાંસનો અંકુર' લઘુનવલ ગુજરાતી સાહીત્યનાં વનમાં નિત્ય–નુતન તાજગીનો અહેસાસ કરાવશે.

સંદર્ભગ્રંથ:

૧. 'વાંસનો અંકુર'– ધીરુબહેન પટેલ (૧૯૬૮)
૨. 'નવલકથા: સ્વરૂપ અને વિકાસ'– વસુબેન ત્રિવેદી (૧૯૯૬)